# સુજલામ-સુફલામના પાંચમા તબક્કાનો કોલવડાથી રાજ્યવ્યાપી પ્રારંભ

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કોલવડા ગામના તળાવને ઊંડુ કરવાની કામગીરીથી સુજલામ સુફલામ જળ અભિયાન શરૂ કરાવ્યું

ગાંધીનગર, તા. ૧૯
મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સુજલામ સુફલામ જળ અભિયાનના પાંચમા તબક્કાનો રાજ્યવ્યાપી પ્રારંભ ગાંધીનગરના કોલવડા ગામેથી કરાવ્યો હતો.

ગુજરાતમાં ભૂગર્ભ જળસ્તર ઊંચા લાવવા તથા જ્યાં જેટલો વરસાદ થાય ત્યાં જ તેનો સંગ્રહ થાય તેવા ઉમદા હેતુસર લોકજાગૃતિ કેળવવા વર્ષ ૨૦૧૮થી આ જળ અભિયાન ઝુંબેશ રૂપે હાથ ધરવામાં આવે છે.

મુખ્યમંત્રીએ પાણીને વિકાસનો મુખ્ય આધાર ગણાવતા આ પ્રસંગે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ જળશક્તિનો મહિમા કરીને તેને જનશક્તિ સાથે જોડીને ગુજરાતને વોટર ડેફિસીટ સ્ટેટમાંથી વોટર સરપ્લસ સ્ટેટ બનાવ્યું છે.

ચેકડેમ, બોરીબંધ, સુજલામ-સુફલામ યોજના, નર્મદા કેનાલ નેટવર્ક, સૌની યોજના જેવા જળસંચય, જળસિંચન અને જળસંગ્રહ આયામોથી રાજ્યમાં ભૂગર્ભ જળસ્તર ઊંચા આવ્યા છે. ખેડૂતોના ખેતરે ખેતરે પાણી પહોંચ્યું છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે આ સુજલામ સુફલામ અભિયાનને પરિણામે ભૂગર્ભ જળ સ્તર ઊંચા આવશે અને માત્ર માનવી જ નહિ, પશુ પંખી સૌને પૂરતું પાણી મળતું થશે.

ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે આપણે પાણી બચાવી, વીજળી બચાવી દેશ સેવા કરી શકીએ એટલું જ નહિ, જળ આત્મનિર્ભરતા દ્વારા આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત સાકાર કરવા પણ તેમણે પ્રેરણા આપી હતી.

મુખ્યમંત્રીએ રાજ્ય સરકાર પાણીની સમસ્યા કે મુશ્કેલી લોકોને ન રહે તે માટે જળ વ્યવસ્થાપનના આયોજનોથી સતત સજાગ છે તેની ભૂમિકા આપી હતી.

તેમણે આ સંદર્ભમાં કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ હર ઘર જલ અન્વયે નલ સે જલનું જે અભિયાન ઉપાડયું છે તેમાં પણ ગુજરાત અગ્રેસર રહેશે.

રાજ્યમાં ૨૦૨૨ના અંત સુધીમાં હરેક ઘરને નલ સે જલની ૧૦૦ ટકા નેમ સાકાર કરવાની પ્રતિબદ્ધતા પણ તેમણે વ્યક્ત કરી હતી.

ભૂપેન્દ્ર પટેલે પાણીના મહાત્મ્યને ઉજાગર કરતાં ઉમેર્યુ કે પાણી પરમેશ્વરનો પ્રસાદ અને પારસમણિ છે. ભગવાન મહાવીરે પણ પાણીનો 'ઘી' ની જેમ ઉપયોગ કરવાની શીખ આપેલી છે તેને સૌએ અપનાવી પાણીનો વ્યય અટકાવવો અને જળસંચય કરવો એ સમયની માંગ છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઓછા પાણીએ તથા રાસાયણિક ખાતરમુક્ત પ્રાકૃતિક ખેતી અપનાવી સાચા અર્થમાં ધરતીમાતાને સુફલામ સુજલામ બનાવવા આ અભિયાનમાં વધુને વધુ લોકો જોડાય તેવું પ્રેરક આહવાન કર્યું હતું.

મુખ્યમંત્રીએ કોલવડા ગામના તળાવને ઊંડુ કરવાની કામગીરીનો આરંભ કરાવી આ જળ અભિયાન વિધિવત રીતે શરૂ કરાવ્યું હતું.

પાંચમા તબક્કાના આ સુજલામ સુફલામ જળ અભિયાન અન્વયે તા. ૩૧ મે ૨૦૨૨ સુધીમાં સમગ્ર રાજ્યમાં ૧૩ હજારથી વધુ કામ હાથ ધરવામાં આવશે.







### રાધે રાધે પરિવાર દ્વારા નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ૧૫૫૧ ફૂટ લંબાઈ, ૧૦ ફૂટ પહોળાઈવાળા રાષ્ટ્રધ્વજ ફરકાવાયો

વિશ્વના સૌપ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજતા શ્રી નરનારાયણ ભગવાન કાલુપુર મંદિર દ્વારા આયોજીત ક્રિકેટ ટૂર્નામેન્ટની ફાઈનલ મેચ અમદાવાદ ખાતે આવેલ વિશ્વનું સૌથી મોટુ નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં મેચ રાખવામાં આવી હતી તે મેચના શુભારંભમાં ગાંધીનગરના રાધે રાધે પરીવાર દ્વારા ૧૫૫૧ ફૂટ લંબાઈ અને ૧૦ ફૂટ પહોળાઈ ધરાવતો વિશાળ રાષ્ટ્રધ્વજ ફરકાવી મેચની શરૂઆત કરવામાં આવી હતી.

# સંસ્કૃતિકુંજમાં શુક્રવારે કલાપ્રેમીઓ છલકાયા

## વિવિધ ખાણી-પીણી અને હસ્તકલાની ચીજવસ્તુઓના સ્ટોલમાં ખરીદીનો માહોલ : સાંસ્કૃતિક કાર્યક્રમો જોવા માટે ભારે ભીડ ઉમટી

ગાંધીનગર, તા. ૧૯
શહેરમાં વસંતોત્સવ-૨૦૨૨નો શુભારંભ થઈ ચૂક્યો છે અને પાટનગરની જનતા આ સાંસ્કૃતિક ઉત્સવને મનભરી માણી રહી છે. જેમાં વિવિધ દેશના પારંપરીક અને વિસરાતા લોકનૃત્યો રજૂ કરવામાં આવી રહ્યા છે. હોળી પર્વ નિમિત્તે વસંતોત્સવમાં સૌથી વધારે ભીડ જોવા મળી હતી. ૧૮ માર્ચે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પણ વસંતોત્સવમાં મુલાકાત બદલ આવ્યા હતા.

વસંતોત્સવમાં પ્રથમ દિવસે ગાયક કલાકાર ઓસમાન મીર આવ્યા હતા. આ સાથે જ અન્ય કલાકારો દરરોજ પોતાની અદ્‌ભૂત સંગીત શૈલીને પ્રદર્શિત કરે છે. જેમાં ૧૫ માર્ચે અમિતા પટેલ, ૧૬ માર્ચે જીજ્ઞેશ કવિરાજ, ૧૭ માર્ચે આદિત્ય ગઢવી, ૧૮ માર્ચે દેવ ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં હજારોની ભીડ જોવા મળી હતી. ૧૯ માર્ચે રાજભા ગઢવી, ૨૦ માર્ચે નિલેષ ગઢવી, ૨૧ માર્ચે ભાવિન શાસ્ત્રી, ૨૨ માર્ચે અભેસિંહ રાઠોડ અને ૨૩ માર્ચે પાર્થિવ ગોહિલ સહિત મોટા કલાકારો જોવા મળશે.

વસંતોત્સવમાં માત્ર ૧૦ રૂપિયાની એન્ટ્રી ટીકીટ જે સૌને પોસાય તેમ હોવાથી શહેર ઉપરાંત આસપાસના ગામના માણસો ગાડીઓ ભરીને વસંતોત્સવ માણવા માટે આવી રહ્યા છે. જેમાં માર્ગો ઉપર વાહનોની લાઈનો જોવા મળી રહી છે. ગાડીઓ મુકવા માટે જગ્યા મળવી મુશ્કેલ બની જાય તેટલી ભીડ થઈ રહી છે.

રવિવારની રજા હોવાથી સૌથી વધારે ભીડ જોવા મળશે. વિવિધ ખાણી-પીણીના સ્ટોલ અને અવનવી ચીજવસ્તુઓની ખરીદી માટે શહેરીજનો ૭ વાગ્યાથી ઉમટી રહ્યા છે.

વસંતોત્સવમાં સ્ટોલ ઉપરાંત માર્ગોની આસપાસ પણ આ વર્ષે ફેરીયાઓ પોતાની વસ્તુઓનુ વેચાણ કરતા જોવા મળી રહ્યા છે. આ વખતે સરિતાઉદ્યાન ખાતે જે દર વર્ષે ખાણીપીણીના સ્ટોલ મુકાતા હતા તે રાખ્યા નથી તેથી સંસ્કૃતિકુંજના પ્રવેશ દ્વારથી જ પ્રવેશ મળી રહ્યો છે. તેથી સાંજે સાત વાગતાની પૂર્વે વસંતોત્સવની મજા માણવા માટે ભીડ ઉમટી રહી છે. જેમ જેમ વસંતોત્સવની પૂર્ણાહૂતિ નજીક આવશે તેમ તેમ ભારે જનમેદની ઉમટશે તેવુ સૂત્રો દ્વારા જાણવા મળ્યુ હતુ.



### મુખ્યમંત્રીની સરપ્રાઈઝ વિઝીટ અને દેવ ભટ્ટનું પાવરપેક પરફોર્મન્સ

ધૂળેટીની રજાના દિવસે સ્વાભાવિક રીતે જ સંસ્કૃતિકુંજ ખાતે વસંતોત્સવ માણવા ભારે ભીડ ઉમટી હતી અને તે દરમ્યાન અચાનક જ મુખ્યમંત્રી સામાન્ય મુલાકાતીની જેમ વિવિધ સ્ટોલ પર મુલાકાત લઈ રહ્યાં હોવાનું યુવક, સેવા સાંસ્કૃતિક વિભાગના કમિશનર પી.આર. જોષીને જાણવાં મળતાં તેઓ સામે દોડી ગયાં હતા અને મુખ્યમંત્રીને આવકારી મુખ્ય સ્ટેજ તરફ દોરી લાવ્યાં હતા જ્યાં તેમણે અને ઓએસડી નયન થોરાતે મુખ્યમંત્રીનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યુ હતુ.

મુખ્યમંત્રીએ લગભગ ૨૦ મિનિટ સુધી કાર્યક્રમને નિહાળ્યો હતો અને તેમની આવી સાદગીભર્યા આગમનને વસંતોત્સવ માણી રહેલા મુલાકાતીઓએ પણ હર્ષોલ્લાસથી વધાવી લીધો હતો. બીજી તરફ મુખ્યમંત્રીના આગમનથી રોમાચંતિ થયેલા કલાકાર દેવ ભટ્ટે સતત ૨ કલાક સુધી ગુજરાતી, હિન્દી, પંજાબી લોકગીતો અને ફિલ્મી ગીતો સહિતનું પાવરપેક પરફોર્મન્સ આપ્યુ હતુ જેના પગલે દર્શકો સહિત યુવક સેવા સાંસ્કૃતિક કમિશનર પી.આર. જોષી અને ઓએસડી નયન થોરાત સહિત સ્ટાફગણ પણ મન મુકીને નાચ્યો હતો.

### 'જ'માર્ગ પર ગાડીઓ અને ટુ-વ્હિલર્સની લાંબી કતારો લાગી

ધૂળેટીની રજાને પગલે વસંતોત્સવને માણવા એટલી બધી ભીડ ઉમટી પડી હતી કે ઈન્દ્રોડા ગામથી શરૂ કરીને રાજભવન સ્ટાફ કોલોની સુધી 'જ' માર્ગ પર બંને તરફ તે ઉપરાંત ફોરેન્સિક યુનિવર્સિટી અને સે. ૮ તરફના માર્ગે પણ બંને તરફ લાંબીલચક વાહનોની કતારો લાગી ગઈ હતી. આશરે ૨ હજારથી વધુ ગાડીઓ અને અંદાજે ત્રણેક હજાર જેટલાં ટુ-વ્હિલર્સ તો માત્ર પાર્કિંગ પ્લોટ સિવાય રોડ પરની કતારોમાં જોવા મળ્યા હતા અને દૂર દૂર સુધી પાર્કિંગ કરવું પડ્યું હોવાને કારણે તેમજ દર વર્ષે સર્જાતી આ પરિસ્થિતિથી કંટાળેલા મુલાકાતીઓમાં આયોજકો શા માટે કાર્યક્રમ સ્થળની નજીક પુરતા પ્રમાણમાં પાર્કિંગ વ્યવસ્થા કરતા નહીં હોય તેવો ગણગણાટ સાંભળવા મળ્યો હતો.

# રીક્ષા ચોરાઈ પણ સીસીટીવી કેમેરાને કારણે ચોર ઝડપથી પકડાઈ ગયો

## આલમપુર શાકમાર્કેટથી રિક્ષા ચોરીની ઘટનામાં સીસીટીવી ફુટેજના આધારે ચિલોડા પોલીસ ગણતરીના કલાકોમાં ચોરને ઝડપી લીધો

ગાંધીનગર, તા. ૧૯
ગાંધીનગર ચિલોડા માર્ગ પરના આલમપુર ખાતે હોલસેલ શાકમાર્કેટ વિસ્તારમાં તા.૧૭મી માર્ચે એક રિક્ષા ચોરીની ઘટના સર્જાવા પામી હતી. જોકે ચિલોડા પોલીસે આ ઘટનાના ગણતરીના સમયમાં જ સીસીટીવી ફુટેજના આધારે ચોરને ઝડપી લઈને અસરકારક કામગીરી કરી દેખાડી હતી.

સમગ્ર ઘટનાની પ્રાપ્?ત વિગતો અનુસાર ગાંધીનગરના આલમપુર ખાતેના હોલસેલ શાકમાર્કેટમાંથી એક રિક્ષા ચોરી થયાની ફરિયાદ ચિલોડા પોલીસ મથકે નોંધાવા પામી હતી. આ ફરિયાદના આધારે ચિલોડા પીઆઈ એમ.જી.જાડેજા દ્વારા બે ટીમો બનાવીને આસપાસના વિસ્તારમાં શોધખોળ શરૂ કરાવી હતી. આ શોધખોળમાં સીસીટીવી ફુટેજની ચકાસણી પણ હાથ ધરવામાં આવી હતી જેનાં પગલે રીક્ષા ચોરી સમગ્ર ઘટના કેમેરામાં આબાદ રીતે ઝડપાઈ ગઈ હોવાનું જણાઈ આવ્યું હતું જેમા ચોર ચોરી કરતા દેખાયો હતો. આ સીસીટીવી ફુટેજના આધારે ચિલોડા પોલીસે રિક્ષા ચોરની તપાસ હાથ ધરી હતી અને તે દરમિયાન જ પોલીસને બાતમી મળી હતી કે આલમપુર શાકમાર્કેટથી ચોરાયેલી રિક્ષા દોલારાણા વાસણા ગામે રહેતાં સતીષ જોઈતાભાઈ રાવળના ઘર પાસે જોવા મળી છે.

### પાથેય ● અનુસંધાન ચોથાનું ચાલુ...

ચકો અને એક હતી ચકી...' એમ કરીને જ આપણા બાળપણની વાર્તા શરૂ થતી..કયુટ બેબી ગર્લને લાડમાં ચકી કહેવાતું એ જ રીતે ચકો પણ ઠેરઠેર જોવા મળતા...પાણીના નળને ચકલી કેમ કહેતા હશે એ વિસ્મય છે.. ચકલીઓ આપણા આપ્તજન જેવી હતી. આપણે ઘણું બધું ગુમાવ્યું છે પણ ચકલીઓનો ચીં.ચીં થતો અવાજ ગુમાવી આપણે ખરેખર બધીર બન્યા છીએ...

ચકલીઓ વિશે અવનવી વાતો છે...માણસ કરતાં ઉલટું ચકલીઓમાં નર વધારે કજિયાખોર હોય છે..! માદા ચકલીઓ પ્રમાણમાં શાંત હોય છે..ચકલીઓનો એક જમાનામાં શિકાર થતો..એ માટે ગોફણ વપરાતી..આપણને જાણીને આશ્ચર્ય થશે કે નિર્દોષ લાગતી ચકલી એ માંસાહારી પ્રાણી છે..એ નાની નાની જીવાત ખાય છે.. ચકલીજગતની રોમાંચક માન્યતા ઉપર કવિ 'કાન્ત' દ્વારા લખાયેલું અદ્ભુત ખંડકાવ્ય 'ચક્રવાકમૈથુન' ગુજરાતી સાહિત્યની મહાન રચના છે...વીસમી માર્ચને આપણે 'વિશ્વ ચકલી દિવસ' તરીકે પણ ઉજવીએ છીએ..રાવજી પટેલનું કાવ્ય છે..'મારા ખેતરને શેઢેથી 'લ્યા ઉડી ગઈ સારસી..' આજે ઉડી જતી ચકલીને જોઈ મને અચાનક યાદ આવી ગયું..મારાથી પણ કદાચ કાવ્ય લખાઈ જાય 'મારા એકાંતના ઝરૂખેથી 'લ્યા ઉડી ગઈ ચરકલડી..'...

### નેટવર્ક ઉભું કરાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ સ્થિતિ વચ્ચે સ્થાનિકોને નર્મદાનુ પાણી મળે તેમજ ગંદા પાણીના નિકાલ માટે યોગ્ય વ્યવસ્થા ગોઠવાય તે અંગે પણ અનેકવાર રજુઆતો કરવામાં આવી છે. જેને અનુલક્ષીને પીવાના પાણી તેમજ ગટર વ્યવસ્થાપન તંત્ર યોગ્ય રીતે ગોઠવાય તે મુજબની કાર્યયોજના તૈયાર કરી દેવામાં આવી છે. જરૂરી ખર્ચ અને આયોજનને પણ મંજુરી આપી દેવામાં આવી છે. જેથી આગામી મેં મંહીનામાં કામ પણ શરૂ કરી દેવાશે. જયારે ન્યુ ગાંધીનગરના વિસ્તાર માટે પાણીનુ નેટવર્ક ઉભુ કરવા માટે અંદાજિત રૂ ૮ કરોડનો ખર્ચ કરાશે. જયારે ગટર લાઈનની કામગીરીને અનુલક્ષીને પણ રૂ ૭ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. ગુડા દ્વારા ટી પી સ્કીમ આસપાસ વિકસિત થતા વિસ્તારમાં માળખાગત સુવિધાઓ પુરી પાડવા માટે સર્વે પણ હાથ ધરવામાં આવ્યો હતો. જેને અનુલક્ષી કાર્યયોજના તૈયાર કરવામાં આવી છે. જયારે આ નેટવર્કને વાસણા,હડમતિયા, સરગાસણ, ઉવારસદ અને તારાપુરની હયાત ટી પી સ્કીમ નં -૯ ના નેટવર્ક સાથે પણ જોડાણ અપાશે. જેના લીધે ગંદા પાણીના નિકાલ માટે પાણી શુધ્ધિકરણ પ્લાન્ટ તેમજ પાણી વિતરણ માટે અલગ સંપની અનિવાર્યતા ઉભી થશે નહી તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

### એપ્રિલના અંતમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નેઋુત્યના પવનથી સાધારણ વરસાદ અગ્નિના પવનથી દુષ્કાળનો ભય હોળી વખતે ચારે દીશાના પવન વાય તો નબળુ ફળ મળે તેમ પણ મનાય છે. નેતાઓને કષ્ટ થાય માનવ અને પશુ પણ પીડા પામે. હોળીની જ્વાળ ઉપર જાય તો વર્ષ નેતાઓ માટે નબળુ પાલજ મુકામે હોળીનો પવન જોવા ટાંણે વાયવ્ય દીશાનો પવન જોવા મળ્યો હતો. ઉત્તર પશ્ચિમ પવન જોવા મળ્યો હતો. આથી વરસાદ પવન સાથે થવાની સંભાવના છે. શરૂઆતનુ ચોમાસુ સારુ રહે. ઓગષ્ટના પાછળના દિવસો અને સપ્ટેમ્બરમાં વરસાદ ખંડ ખંડ પડવાની સંભાવના છે. પાછળના સમયમાં અનિમિત વરસાદ રહે. તેવી સંભાવના છે. અન્ય ગ્રહો તેમજ અન્ય યોગો જોતા આ વખતે વાદળ સાથે વાવાઝોડાનુ પ્રમાણ વધુ રહે. એપ્રિલ મેં અને જુન માં હવાના હળવા દબાણ ઉભા થતા ચક્રવાતનુ પ્રમાણ રહે.જેમાં બંગાળના ઉપસાગરના ચક્રવાતો મારફાડ રહેવાની સંભાવના છે. ગાંધીનગર અમદાવાદમાં પણ શરૂઆતનો વરસાદ સારો રહેશે વંટોળ અને આંધી સાથે વરસાદ આવશે. ગરમી પણ બે ત્રણ દિવસ થોડી ઓછી થશે માર્ચના અંત સુધીમાં આકરી ગરમી પડવાની સંભાવના છે. તા ૨૦ એપ્રિલ બાદ ગરમી વધુ ઉગ્ર બનશે. તા ૨૬ એપ્રિલ બાદ મહત્તમ તાપમાન કોઈક ભાગમાં ૪૬ ડીગ્રી સુધી થવાની સંભાવના રહેશે. જેમાં મધ્ય ગુજરાતના ભાગો અલબત્ત અમદાવાદ ગાંધીનગરમાં પણ આકરી ગરમી પડશે. ઉત્તર ગુજરાતમાં પણ આક્રમક ગરમી રહેશે. ઉત્તર સૌરાષ્ટ્રના ભાગોમાં સખત ગરમી પડશે.

### હુમલો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

નાશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, યુક્રેનના પોર્ટ સિટી ઓડેસા નજીક આવેલા લશ્કરી રેડિયો સેન્ટર અને એક કેમ્પનો સફાયો કરી દીધો છે. રશિયાના વધતા હુમલાઓ વચ્ચે યુક્રેનના દક્ષિણમાં આવેલા શહેર ઝાપોરિઝિન્ઝિઆમાં ૩૬ કલાકનો કરફ્યૂ જાહેર કરી દેવાયો છે. શહેરના મેયરે એક ઓનલાઈન પોસ્ટમાં જણાવ્યું હતું કે લોકો સોમવાર સુધી પોતાના ઘરની બહાર ના નીકળે. મારિયુપોલથી પલાયન કરી રહેલા લોકો આ શહેરમાંથી પસાર થઈ રહ્યા હોવાથી આ શહેરમાં હાલ ચહલપહલ ખાસ્સી વધી ગઈ છે. યુક્રેનની સાંસ્કૃતિક રાજધાની કહેવાતા લિવીયમાં પણ રશિયાએ હુમલા શરુ કર્યા છે. અત્યારસુધી આ શહેર પર યુદ્ધની કોઈ અસર જોવા નહોતી મળી રહી. જોકે, શુક્રવારે રશિયાએ ઈન્ટરનેશનલ એરપોર્ટની બહાર જ હવાઈ હુમલો કર્યો હતો. જેના કારણે આખુંય શહેર ધણધણી ઉઠ્યું હતું. જ્યાં અટેક થયો તે સ્થળ પરથી કાળા ડિબાંગ ધૂમાડા પણ દેખાયા હતા. યુક્રેનના પોર્ટ સિટી મારિયુપોલમાં આવેલા એક સ્ટીલ પ્લાન્ટ પર પણ રશિયાએ હુમલો કર્યો હોવાના સમાચાર છે. પ્રાપ્ત વિગતો અનુસાર, યુરોપના સૌથી મોટા ગણાતા આઝોવ્સતાલ સ્ટીલ પ્લાન્ટ પર કબજો જમાવવા માટે રશિયન સૈનિકો અને યુક્રેનના સૈનિકો વચ્ચે લડાઈ ચાલી રહી છે. યુક્રેનના ગૃહમંત્રીના સલાહકારે આ અંગે આપેલા એક નિવેદનમાં જણાવ્યું હતું કે યુરોપના સૌથી મોટા સ્ટીલ પ્લાન્ટને તબાહ કરવામાં આવી રહ્યો છે, અને યુક્રેન તેના પરથી પોતાની પકડ ગુમાવી રહ્યું છે.બીજી તરફ, રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતિને ફ્રાંસના પ્રમુખ સાથેની વાતચીતમાં યુક્રેન પર આરોપ લગાવતા જણાવ્યું હતું કે સામાન્ય નાગરિકોના મોત ના થાય તે માટે રશિયા દરેક સંભવ પ્રયાસ કરી રહ્યું છે. તો યુક્રેનનો દાવો છે કે અત્યારસુધીના યુદ્ધમાં ૧૧૨ બાળકોના મોત થયા છે. તો, યુદ્ધને અટકાવવા માટે યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીએ રશિયા સાથે ફરી મંત્રણાની પહેલ કરી છે. છેલ્લા ત્રણ સપ્તાહથી બંને દેશો વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે.

### વહેલા આવે છે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કોંગ્રેસ પર સારું પ્રદર્શન કરવાનું દબાણ છે અને એવા સમયમાં ચૂંટણી પહેલા પાર્ટીના ધારાસભ્ય તૂટશે તો તેની ખરાબ અસર પડશે. સંયમ લોઢાએ જે આશંકા વ્યક્ત કરી છે, તેને લઈને રાજકીય વર્તુળોમાં ઘણી ચર્ચા છે. ગત ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસે ભાજપને સારી એવી ટક્કર આપી હતી, પરંતુ જીત ભાજપની થઈ. ગુજરાત કોંગ્રેસમાં ભંગાણ એ વખતે પણ પડ્યું હતું કે, જ્યારે ૨૦૨૦માં રાજ્યસભા ચૂંટણી પહેલા કોંગ્રેસના ૮ ધારાસભ્યોએ રાજીનામા આપ્યા હતા. એ બધા ભાજપમાં સામેલ થઈ ગયા હતા. કેટલાક દિવસ પહેલા પાર્ટીના કેટલાક પૂર્વ ધારાસભ્ય પણ ભાજપમાં સામેલ થયા. ડિસેમ્બર ૨૦૧૭ની ચૂંટણીમાં ૧૮૨ બેઠકોની વિધાનસભામાં ૭૭ બેઠક જીતનારી કોંગ્રેસના સભ્યોની સંખ્યા ઓછી થઈને ૬૫ રહી ગઈ છે. ગુજરાતમાં આ વખતે કોંગ્રેસને ભાજપની સાથે જ આમ આદમી પાર્ટીનો પણ મુકાબલો કરવાનો છે. પંજાબમાં શાનદાર જીત પછી આમ આદમી પાર્ટીનો ઉત્સાહ ઘણો વધ્યો છે અને તેણે અત્યારથી જ ગુજરાત માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે. આમ આદમી પાર્ટી ભાજપની સામે પોતાને એક વિકલ્પ તરીકે રજૂ કરી રહી છે. કોંગ્રેસ માટે ગુજરાતમાં આ વખતે બેવડો પડકાર છે એમ કહેવું ખોટું નહીં હોય. ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકર સિંહ વાઘેલાએ કહ્યું કે, અહમદ પટેલના નિધન પછી કોંગ્રેસમાં એવો કોઈ નેતા નથી, જે પાર્ટીના ટોચના નેતૃત્વનું માર્ગદર્શન કરી સખે અને તેનું પરિણામ પાર્ટીને ભોગવવું પડી રહ્યું છે. ગત દિવસોમાં દિલ્હીમાં કોંગ્રેસના અતંષ્ટ મનાતા જી-૨૩ જૂથના નેતાઓની બેઠકમાં વાઘેલા સામેલ થયા હતા અને એ પછી તેમણે આ વાત કરી હતી. તેમણે તો ઉત્તર પ્રદેશની જવાબદારી પ્રિયંકા ગાંધી વાડેરાને સોંપવાની બાબતને પોલિટિકલ મિસફાયર પણ કહ્યું હતું.

### સસ્તુ ઓઈલ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અમેરિકા તરફથી પ્રતિબંધ લગાવાયા બાદ ભારત અને અન્ય દેશોને સસ્તુ ઓઈલ આપવાની રજૂઆત કરી હતી. સૂત્રોએ જણાવ્યું કે 'ભારત પ્રતિસ્પર્ધી ઉર્જા સ્ત્રોત પર ધ્યાન કેન્દ્રિત કરતું રહેશે. અમે તમામ ઉત્પાદકોના આવા પ્રસ્તાવોનું સ્વાગત કરીએ છીએ. ભારતીય વેપારી પણ સર્વોત્તમ વિકલ્પ શોધવા માટે વૈશ્વિક ઉર્જા બજારોમાં કામ કરે છે.' સૂત્રોએ કહ્યું કે યુક્રેન સંઘર્ષના કારણે ક્રૂડ ઓઈલના ભાવમાં આવેલી તેજીએ ભારતના પડકારો વધાર્યા છે. તેનાથી સ્વાભાવિકપણે પ્રતિસ્પર્ધી દર પર ઓઈલ ખરીદવા અંગે દબાણ વધ્યું છે. મળતી માહિતી મુજબ ઓઈલના મામલે આત્મનિર્ભર કે પોતે રશિયાથી ઓઈલ આયાત કરનારા દેશ કાયદેસર રીતે તેના કારોબાર પર પ્રતિબંધની વકિલાત કરી શકે નહીં. ભારતના કાયદેસર રીતે ઉર્જા ખરીદવાના મુદ્દાનું રાજનીતિકરણ થવું જોઈએ નહીં. ખબર છે કે ઈન્ડિયન ઓઈલે ગત સપ્તાહે રશિયા પાસેથી ડિસ્કાઉન્ટ ભાવે ૩૦ લાખ બેરલ ક્રૂડ ઓઈલની ખરીદી કરી છે. ઉલ્લેખનીય છે કે વ્હાઈટ હાઉસના પ્રેસ સચિવ જેન સાકીએ કહ્યું હતું કે ભારત દ્વારા ડિસ્કાઉન્ટના ભાવે રશિયન ઓઈલ ખરીદવાની રજૂઆતને સ્વીકારવું એ અમેરિકા દ્વારા મોસ્કો પર લગાવવામાં આવેલા પ્રતિબંધોનો ભંગ નથી, પરંતુ આ દેશોએ એ સમજવું જોઈએ કે યુક્રેન પર રશિયાના હુમલા વચ્ચે 'તેઓ ક્યાં ઊભા રહેવા માંગે છે. બ્રિટિશ પ્રધાનમંત્રી બોરિસ જ્હોન્સનના પ્રવક્તાએ કહ્યું કે બ્રિટન ઈચ્છે છે કે તમામ દેશોએ રશિયન ઓઈલ અને ગેસથી અલગ થવું જોઈએ, કારણ કે તેનાથી રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતિનની યુદ્ધ મશીનને ફાઈનાન્સ મળશે. તેમણે કહ્યું કે રશિયા ખુબ ઓછા પ્રમાણમાં ભારતને ક્રૂડ ઓઈલની નિકાસ કરે છે, જે દેશની જરૂરિયાતના એક ટકાથી પણ ઓછું છે. સૂત્રોએ જણાવ્યું કે આયાત માટે સરકારો વચ્ચે કોઈ સમજૂતિ પણ નથી. તેમણે કહ્યું કે ભૂ-રાજનૈતિક ઘટનાક્રમે ભારતની ઉર્જા સુરક્ષા સામે પડકારો રજૂ કર્યા છે.